# પ્રકરણ ૨
# હૃદયમંથન

## પ્રકરણ - ૨

## "સાગર"નું હૃદયમંથન

ઈ.સ. ૧૯૦૧ થી ઇ.સ. ૧૯૧૩ની બાર વર્ષની "સાગર"ની કવિતા-સાધનામાં હરિવિરહનું દર્દ તેમજ આત્મસાક્ષાત્કારના પંથે ગતિ કરતા મુમુક્ષુના હૃદયનું મંથન 'દીવાને સાગર'ના પ્રથમ બે તબકકામાં પ્રતીત થાય છે. "સાગર"નો અશ્રુયોગ જાણે કે કવિતા દ્વારા ધોધરૂપે વહેતો હોય એમ એમના "નિજ હૃદયને" "જીવનમંથન", "દ્વિજજીવનને દ્વારે", "વાનપ્રસ્થ અગ્નિહોત્રી", "ઊર્મિપ્રલાપ" "જંગલનો મહેમાન", "મૂર્છના", "દિલને રજા", "સ્વાર્પણવિચાર", અને "એક મહાન ભૂલ" કાવ્યોના અભ્યાસ ઉપરથી પ્રતીત થાય છે. પ્રભુપ્રાર્થના પ્રભુપ્રાપ્તિના માર્ગે ગતિ કરતા મુમુક્ષુ હૃદયના ડોલાયમાન ચિત્તનો, તેની અંતઃસ્થિતિનો અને શ્રેયસ અને પ્રેયસ વચ્ચેના સંઘર્ષનો ચિતાર અહીં રજૂ થયો છે. જગતની કામનાઓ હૃદયના કો અગમ્ય અગોચર ખૂણામાં ઘર કરીને એવી તો ચોંટી ગઇ છે કે તેને સાધક છોડી શકતો નથી. પરંતુ વૈરાગ્ય અને અભ્યાસ તેમજ એકાંત દ્વારા મુમુક્ષુ 'દ્વિજ જીવનના દ્વારે' આવી પહોંચે છે. અને સાચું દ્વિજ જીવન પ્રાપ્ત કરવા માટે મન અને હૃદય એકરૂપ થઇને દૃઢ નિર્ણય કરે છે.

> ઉર અટવીમાં ઊંડું ઊંડું તપોવન સ્થાપવું,
> અજબ ધૂણીએ છૂપું છૂપું નવું તપ તાપવું
> તિમિરગઢ આ તોડી તોડી નવું ડગ માપવું,
> નવીન થઇ જ્યાં ઝાંખી ઝાંખી, તહીં જ પ્રયાણવું.[૧]

સ્નેહયોગ દ્વારા સર્વસમર્પણ કરી સાધક પરાત્પર પ્રેમબ્રહ્મ સુધી પહોંચવા માટે પ્રયત્ન કરે છે. જગત પ્રત્યેની બધી વાસનાઓનો લય થતાં સાધક દ્વિજ જીવનના દરવાજા સુધી આવી પહોંચે છે. સ્નેહી સ્નેહથી પ્રભુમય થવા શરીરમયતા ઓગાળવા દૃઢ તપશ્ચર્યા આદરે છે.

............

[૧] દીવાને સાગર, ૧/૪, પૃ. ૧૧૯

નિજપણ બધું હોમી હોમી પતંગ બની જવું,
હૃદય સ્મૃતિમાં પ્રેમ પરાત્પર પહોંચવું. #

o o o

શરીરમયતા, ગાળી ગાળી તહીં સમરૂપવું,
બહુ બહુપણું ટાળી ટાળી નવું ફરી જન્મવું.[2]

અને જાણે હૃદય અરુણ પ્રભાના તેજથી નવું દર્શન નિહાળી શકે છે. પ્રણયયોગીનું કૃપણ હૃદય અંતરત્યાગ વડે બાહ્યસૃષ્ટિનો લય કરી દૃશ્ય પ્રપંચ સાથેના સર્વ સંબંધોથી અતીત થઇ જાય છે.

રમણીયપણું રૂડું રૂડું નિહાળી શકું નવું,
કૃપણ ઉર આ ત્યાગી ત્યાગી અતીત હવે થવું.[3]

'મનુસ્મૃતિ' કહે છે કે:

જન્મથી મળેલા પ્રાકૃત જીવનના આધ્યાત્મિક સંસ્કાર પ્રેરાય અને ભગવદ્ગીતામાં કહ્યું છે તેમ નવજીવન પ્રાપ્ત થાય તે જ દ્વિજજીવન અથવા બ્રાહ્મી જીવનની સાધકની અભીપ્સા "દ્વિજ જીવન"ની દિશા અને "દ્વિજ જીવનને દ્વારે" કાવ્યોમાં જોઇ શકાય છે.

"વાનપ્રસ્થ અગ્નિહોત્રી" કાવ્યમાં અંદરના સામ્રાજ્યના અજબ નિયંત્રણનું નિરૂપણ છે. 'શ્રુતિ અને સ્મૃતિમાં વાનપ્રસ્થ જો ચાહે તો અગ્નિહોત્ર ટકાવી શકે એવી ભાવના છે. આ ભાવના ઉપરથી સાધક જીવનું જીવપણું – અહંકારના બ્રહ્મ યજ્ઞ દ્વારા બ્રાહ્મીજીવન દ્વારા, લય કરી પરમાત્મપ્રાપ્તિ – જીવન સિદ્ધિ કરી લે છે.

............

[2]એજન, પૃ. ૧૨૦

[3]એજન, પૃ. ૧૨૦

તું બ્રહ્મ યજ્ઞ કર, યજ્ઞ, મહાન એ છે,
તું સોમયજ્ઞ કર, યજ્ઞ સમર્થ એ છે
તું થા તપસ્વી, તપ સાત્ત્વિક બ્રહ્મરૂપ,
ઇચ્છાનુસાર કરતું જીવનસિધ્ધિ પ્રાપ્ત[૪]

પ્રેમયોગી "સાગર" મહાત્મા 'કલાપી'ના પ્રેમયોગી હૃદયને નમન આપતાં પ્રેમ યોગનો સિધ્ધાંત સમજાવતાં કહે છે કે પ્રેમથી પ્રભુ ભિન્ન નથી. સાચો પ્રેમ આંતરબાહ્ય સર્વસ્વ સમર્પણમાં જ રહેલો છે. પ્રેમ, પ્રેમાસ્પદ ને પ્રેમી: ધ્યાન ધ્યેય ને ધ્યાતા એ પ્રવાહ પોતે પ્રભુ છે.[૫]

"સાગર" પ્રેમયોગમાં અવિચલ ચિત્તસ્થિરતા એક માત્ર શ્રધ્ધાના બળ વડે રાખવા પરમાત્માને- "નિયન્તા પ્રેમદેવતા" ને વિનવે છે.

પ્રભો! પ્રેમે યોગે અવિચલ ચહું ચિત્તસ્થિરતા
અશ્રધ્ધાનું પ્રેમેં કરીશે નહીં હું પાતક કદા.[૬]

પરિણામે જૂઠા જગતના વ્યવહારોની ચિંતામાંથી મુક્ત થઇ પુણ્યપ્રભુના પૂજન કરનાર પ્રેમસૃષ્ટિના પ્રવાસીની અન્તર્દૃષ્ટિ પ્રેમદેવતા ઉઘાડે છે.

પ્રવાસી પ્રેમ સૃષ્ટિના, જૂઠું વિશ્વ ઉવેખતા,
અન્તર્દૃષ્ટિ ઉઘાડે ત્યાં, નિયન્તા પ્રેમદેવતા.[૭]

"સાગર" પોતાની ડોલતી જીવનનૌકા મુકામે પહોંચાડવા માટે પ્રેમ-બ્રહ્મકૃપાના સહારાની "ઊર્મિપ્રલાપ"માં આ પ્રમાણે યાચના કરે છે.

...........

[૪]એજન, પૃ. ૧૩૧

[૫]એજન, પૃ. ૧૪૩

[૬]એજન, પૃ. ૧૭૯

[૭]એજન, પૃ. ૧૮૦

પ્રેમકૃપાના ત્યાં, વાયરા સર્વદા વહો,
ડોલતું દરિયા વચ્ચે, મુકામે નાવ પહોંચજો.[8]

હૈયાની આર્દ્રતા વિના પ્રેમનું દર્દ પિછાની શકાય તે સંભવિત નથી. બુધ્ધિગમ્ય પરિસીમાના વિસ્તારમાં પ્રેમનું દર્દ આવી શકે તેમ નથી. પ્રેમ ધર્મ સમજાવતાં "સાગર" કહે છે:

પ્રેમના દર્દની ના ના બુધ્ધિગમ્ય પરિસીમા,
પિછાને સંભવે ના ના હૈયાની આર્દ્રતા વિના.[9]

પ્રેમમાર્ગનાં ગહનત્વનો "ખોવાયેલું બાળક" કાવ્યમાં સમજાવતાં "સાગર" સ્પષ્ટ કહે છે કે પ્રિયવચનમાં શ્રધ્ધા રાખી સર્વસ્વનું બલિદાન કરનાર-પોતાના પ્રિયતમને જે કાંઇ પ્રિય છે તે સર્વ સ્વીકારનાર-પ્રેમદેવી હૃદયમાં પ્રેમજ્યોતિનો પ્રકાશ પાથરી શકે છે:

વ્હાલાનું સર્વ પ્રિય પૂજ્ય સ્વીકારનારી
એ પ્રેમદેવી ઉરજ્યોતિ પ્રકાશનારી.[10]

"જંગલનો મહેમાન" કાવ્યમાં પણ સર્વ સમર્પણનું પ્રેમધર્મનું મુખ્ય લક્ષણ સમજાવતાં "સાગર" સમજાવે છે કે અહમ્‌ની મર્યાદિત સ્વાર્થભાવના સ્નેહીને માટે યોગ્ય નથી. સ્નેહી બનનારે પોતે પોતાપણાનો - સ્વપણાનો ત્યાગ કરવો જોઇએ, એટલું જ નહિ પણ સ્નેહને માટે - પોતાની પ્રિય વ્યક્તિને માટે પોતાના દેહને અર્પી દેવો જોઇએ, જાતે ખપી જવું જોઇએ.

...........

[8]એજન, પૃ. ૧૯૫

[9]એજન, પૃ. ૧૯૯

[10]એજન, પૃ. ૧૯૮

જેટલું સ્વપણું સ્નેહે, તેટલો સ્નેહ સ્નેહ ના,
અર્પવું વા ખપી જવું, માગે સેવક સ્નેહના.[11]

પ્રેમી જિગર "અશ્રુયોગ" ની ઉપાસના વડે જ પ્રેમના પૂરા પ્રભેદો પારખી શકે છે. એ મહામૂલાં આંસુની મહત્તા સમજાવતાં આ જ કાવ્યમાં "સાગર" કહે છે:

જિંદગી અલ્પ છે, એમાં કમાવું સત્ય જીવવું,
આંસુથી પ્રેમના પુરા પ્રભેદો પારખી જવું.[12]

"હલેસું છોડ! (બિસ્મિલ્લાહ)" કાવ્યમાં પ્રેમમાર્ગની અસલ તાલીમ આશક જિગરને ફના - (પ્રેમના નશા દ્વારા) થઇ જવાનો - રાહ આ રીતે સમજાવે છે.

જલદ પૂરો નશો પીને, અજબ મુરદું થવું લાઝિમ,
પડેપડ ચીરસ્તા વધવું, ફના થવું, એ અસલ તાલીમ.[13]

સર્વધર્મનો સાર પ્રેમધર્મ છે, એ સમજાવતાં "સાગર" કહે છે કે ઇસુ, મન્સૂર અને આર્યધર્મના મહર્ષિઓ પણ પ્રેમને જ મહત્ત્વ આપે છે.

ઇરાની યા કુરાની યા રિકાબી હો કિરસ્તાની,
જુદી પ્યાલી, મગર અન્દર બધે યે દારૂની વાની.[14]

"દિવ્ય બાલકનો જન્મ દિવસ" કાવ્યમાં "સાગર" અદ્ભુત પ્રેમાગ્નિ "અહંમમ"ને બાળી નાંખે છે અને એ જ પ્રેમાગ્નિની જ્યોતિ જગતને અજવાળે છે તે સિધ્ધાંત આ રીતે રજૂ કરે છે:

...........

[11] એજન, પૃ. ૨૦૩

[12] એજન, પૃ. ૨૦૭

[13] એજન, પૃ. ૨૧૨

[14] એજન, પૃ. ૨૧૮

છે પ્રેમ અગ્નિ અદ્દભુત - "અહંમમ" બાળે,
એ એ જ અજબ રવિ જયોતિ જગત અજવાળે![15]

પ્રેમના દેશમાં "મારું તારું" એવો ભેદ હોતો નથી. કારણ આપતાં "સાગર" સમજાવે છે કે બ્રહ્માંડમાં જયાં આત્મતત્ત્વ એક જ સઘળે વિલસી રહ્યું છે, સચ્ચિદાનંદની તત્ત્વદૃષ્ટિએ પિંડ અને બ્રહ્માંડ ભિન્ન નથી તો ત્યાં મારું તારું દ્વૈત ભાવાત્મક શબ્દો જૂઠા છે. પ્રેમથી જ આ સર્વ વ્યાપ્ત છે.

છે પ્રેમ! પ્રેમ ભરપૂર! પ્રેમનું સઘળું,
આ ઉરમાં તેં ભર્યું, પ્રિયે! એ જ અજવાળું.[16]

"નવ સંવત્સરે હરિચરણે" યાચના કરતાં દ્વિજજીવનની પોતાની અભીપ્સા વ્યકત કરતાં "સાગર" પોતાપણાના ત્યાગ વડે-પ્રેમધર્મ વડે અંતરનું આખું ચક્ર ફેરવીને બ્રહ્મતત્ત્વ પ્રાપ્તિ માટે કૃપા વાંછે છે.

દમ્ભથી નાથ! ના રીઝો! રીઝો ના શુષ્ક કર્મથી,
રીઝો પોતાપણું ત્યાગે, યોગે વા પ્રેમધર્મથી
ખરા દ્વિજ થવા માટે, લખ્યું છે દિવ્ય ચોપડે,
ઉષ્માભર્ગપ્રદાતાને હૈયાથી ધાવવું પડે.
સંસ્કારો સ્થૂલથી માત્ર ના ના બ્રહ્મત્વ સાંપડે
ખરું તો ચક્ર અન્તરનું આખું ફેરવવું પડે.[17]

પ્રેમધર્મનું આત્મસમર્પણનું તત્ત્વ સૂફીવાદ દ્વારા સમજાવતાં "અગર લખું લોહીથી ઉલ્ફત" ગઝલમાં "સાગર" કહે છે કે:

ઝુરૂરત છે ન જન્નતની! ન હાજત યા મરામતની,
ફનાની ફાંસીએ મરવું મહોબ્બતની મુરવ્વત પર.[18]

...........

[15]એજન, પૃ. ૨૨૩

[16]એજન, પૃ. ૨૨૨

[17]એજન, પૃ. ૨૨૬

[18]એજન, પૃ. ૨૩૮

"સાગર"ના "સાકીને ઇજન" આપતાં પણ આ જ હકીકતનું નિરૂપણ કર્યું છે.

"ફનાના પીપ પર પીપો ભરી ભરી આવજે, સાકી!
સુણાવા સારીગમ સૂરીલી તું બંસી લાવજે, સાકી![19]

"મૂર્છના" કાવ્યમાં પરમાત્મ-પ્રાપ્તિની- પ્રભુની દિવ્ય જ્યોતિની ઝાંખી કાયમને માટે માનવીથી કેમ પમાતી નથી, તેનું મંથન- દર્દ નિરૂપાયું છે.

આશ્વાસનું પ્રભુનું જ્યોતિ જ્વલન્ત, કિન્તુ,
ધીમી ગતિથી કયમ અહીં વહન્તું!
વિદ્યુત્ સમી જ પ્રભુ દીપ્તિ પ્રસિધ્ધ થાતી!
શું ઝાંખી કાયમ ન માનવથી પમાતી![20]

હરિવિરહનું દર્દ અને પશ્ચાતાપનાં આસુંનો પ્રવાહી ધોધ જડની જડિમ્ના ઓગાળી શકતો નથી એનો વિષાદ કવિના હૃદયને હચમચાવી નાંખે છે.

આંસુ પ્રવાહી, પણ પૃથ્વી ન કાં પલાળે?
ઓગાળી ધોધ ન શકે જડની જડિમ્ના?

હરિવિરહનું દર્દ અખંડ અશ્રુયોગમાં પરિણમે છે. અને આ હૃદયાશ્રુ જ પરમાત્મ પ્રેમનું એકાકી સાક્ષી બની રહે છે.

રોયો છું ખૂબ જ! અને રડતા રહું છું:

o o o

રે! પ્રેમી પ્રેમ પૂછતાં નથી કોણ રોયું?

o o o

એકાકી સાક્ષી હૃદયાશ્રુ જ ઇશ્કમાં છે:

o o o

આંસુ મીઠાં અનુભવે મુજ હૈયું માને.[21]

...........

[19] એજન, પૃ. ૨૩૯

[20] એજન, પૃ. ૨૫૫

[21] એજન, પૃ. ૨૫૯

પ્રેમમાર્ગમાં અશ્રુયોગનું મહત્ત્વ સમજાવતાં "સાગર" કહે છે કે પ્રેમાશ્રુનું સ્મરણ જ પરસ્પર જ્યોતિની ઝાંખી ટકાવનારું છે. પરમાત્મ પ્રેમની જ્યોતિથી જ આ જગત પણ જીવતું દીસે છે.

પ્રેમાશ્રુનું સ્મરણ તો ય જિવાડનારું,
જ્યોતિ પરાત્પરની ઝાંખીટકાવનારું,
એ એ જ પુણ્ય સ્મૃતિ એ ઉર આ સ્મરે છે,
જે જ્યોતિથી જ જગ આ જીવતું દીસે છે.[22]

પરમાત્માના દિવ્ય પ્રેમ જ્યોતિની કવિને પ્રાપ્ત થયેલી ઝાંખી વિષે તે કહે છે:

પીધું સુદર્શન સુધાનું અમોલું પ્યાલું!
લાખો શરીર બદલાઇ જતાં ન ભૂલું!
o o o
ભૂલાવી કોઇ શુંશકે પણ નૂર પીધું ?
લાલિત્ય,માર્દવ, દયાભર્યું જ્યોતિ મીઠું.[23]

આ પરમ દર્શન હૃદયમાં સતત ટકાવી શકાતું નથી તેનો અનુશોચ વ્યકત કરતાં "સાગર" કહે છે.

ક્યાં તે ઘડી પરમ દર્શનની ગઇ ક્યાં?
વાણી વિના નવલ વેદઋચા ભણ્યો હું!
ઘેલી બની મુજ આધીન જિંદગી એ,
પહેલી જ વાર સ્મિત પ્રેમ તણું પૂજેલું![24]

...........

[22]એજન, પૃ. ૨૫૯

[23]એજન, પૃ. ૨૬૦

[24]એજન, પૃ. ૨૬૧

આ ભવ્ય દર્શનનું સતત સાનિધ્ય રહે તે માટે "સાગર" પ્રભુકૃપાની યાચના કરે છે!

શું શોધું? પાપી ઉર મારું હતું અને છેઃ
ઉધ્ધારનાર પ્રભુ- ઓ પ્રભુ! તું જ તું છેઃ
તેં ભવ્ય દર્શન દીધું, નથી કલ્પના એઃ
ના ઇન્દ્રજાલ, નથી વ્યર્થ વિચારણા એ.

○ ○ ○

હા!પાંગળો નીરખી હું, દીધી પાંખ શી તેં!
આ દાસ પામર ઉડયો બસ મેરુ ટોચે.[૨૫]

હરિવિરહના દર્દથી પોતાની સ્થિતિનું નિરૂપણ કરતાં "સાગર" સ્પષ્ટ એકરાર કરે છે કેઃ

એ કાલ દુઃખદ મહા મુજ વેદનાનો,
ગમ્ભીર ગમ્ભીર અશાન્ત શી મૂર્છનાનોઃ
ત્યાં મૃત્યુના અનુભવે કંઇ લેઇ લીધા.
પ્યાલા ભરી ભરી ભરી વિષના પી લીધા.[૨૬]

પરમાત્મ દર્શનની ઝાંખી અદૃશ્ય થતાં "સાગર" ફરીથી મૂર્છનાની અચેતન દશા પ્રાપ્ત કરે છેઃ

એ ઝાંખી! જ્યોતિ સ્મૃતિ ક્યાં?, સ્મૃતિ જાગતામાં,
હા! હાયે. હાય! ઢળતો ફરી મૂર્છનામાં,[૨૭]

...........

[૨૫]એજન, પૃ. ૨૬૩

[૨૬]એજન, પૃ. ૨૬૫

[૨૭]એજન, પૃ. ૨૭૦

"સાગર" ના આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં "મૂર્છના" પછીનાં કાવ્યોમાં "સાગર" ના આત્માનુભવની સ્પષ્ટ ઝાંખી આપણને થાય છે. "સાગર" ની કવિતામાં થતા આત્માનુભવના દર્શનની પશ્ચાદ્ ભૂમિકા "અશ્રુયોગ" ની પશ્ચાત્તાપની છે. પશ્ચાત્તાપ દ્વારા "સાગર" ને પરમાત્મદર્શનની ઝાંખી થઇ શકી છે. "સાગર" "એક સફરજનને" કાવ્યમાં પોતાની આંસુની ફિલસૂફી સમજાવતાં કહે છે કે:

ના, ના, સત્ય ફરે કિંતુ, આંસુડે બ્રહ્મ વિસ્તરે.[28]

ફકીરી તાજ પહેરી જિગરને હરરાજ કરનાર આશક જિગર પરમાત્માનું અમર રાજ જમાવવા "સનમને સવાલ" કરે છે:

જિગર જો કર્યું હરરાજ,
પહેર્યું તુજ ફકીરી તાજ,
તો કદમનું અમર રાજ,
જિગરમાં જમાવશે.[29]

આત્મસમર્પણ વિના આત્માનુભવ શક્ય નથી. એટલે જ "સાગર" પોતાની સનમને સર્વસ્વ અર્પણ કર્યાં છતાં સનમના નૂરનું દર્શન કેમ પ્રાપ્ત થતું નથી એ પ્રશ્ન પૂછતાં કહે છે કે:

રગ રગે તું હિમામાં
જો ચીરી. અય. નેક નામ!
આવશે કશું ય કામ.?
આમ યા જલાવશે? [30]

...........

[28] એજન, પૃ. ૨૭૧

[29] એજન, પૃ. ૨૭૪

[30] એજન, પૃ. ૨૭૩

જનમના જોગી "સાગર" "જોગીની ગઝલમાં" પોતાના ઇશ્કે હકીકીની અનલહકકની ભાવના વ્યકત કરતાં પોતાની "સનમ"નો પરિચય આ પ્રમાણે આપે છે:

ફકીરી હાલમાં ફરીએ-
ન પરવા કાલની કરીએ
ખુદા દિલબર સનમ કહીને-
જનમના જોગીડા છૈયે.[31]

પોતાની સનમ પ્રત્યેના અનન્ય પ્રેમની લાગણી વ્યકત કરતાં "સાગર" કહે છે:

સનમના પ્રેમસાગરની- હમેશની લહર હૈયે
ઇશ્કે હકીકી ભાવનાનો-
સનમના મસ્ત કાયમના- જનમના જોગીડા હૈયે.

ફના- આત્મસમર્પણ ઉપર ભાર મૂકી પોતાનો આત્માનુભવનો માર્ગ દર્શાવતાં "સાગર" પોતાને માટે કહે છે કે:

ફના કરીએ. ફના થૈયે.
ફના કરવા હુકમ કરીએ,
ફનાની શહેનશાહીના ફકીરી બાદશાહ છૈયે[32]

"અનલહકક" ના સૂત્રનો નિર્દેશ કરતાં મન્સૂરનું દૃષ્ટાંત આપી "સાગર" પોતાની સનમનો આ પ્રમાણે પરિચય આપતાં "મારી સનમ" ગઝલમાં કહે છે કે:

સૂલી ઉપર હસતો સૂતો,
મન્સુર "અનલહક" બોલતો.
દાવો ખૂદાઇ કરી શકયો-
તારી હૂંફે મારી સનમ.[33]

...........

[31]એજન્, પૃ. ૨૭૭

[32]એજન્, પૃ. ૨૭૮

[33]એજન્, પૃ. ૨૮૧

સનમ સાથેનું ઐક્ય પ્રાપ્ત કરવા માટે પ્રેમમાર્ગનાં આવશ્યક લક્ષણ સમજાવતાં "સાગર" કહે છે કે:

સનમ પોતાના આશકમાં પ્રેમની અનન્યતા- આત્મસમર્પણની ભાવના જ માત્ર જુએ છે. આશક જિગર સનમને માટે સર્વસ્વની કુરબાની કરી દે- ફના થઇ જાય તો જ સનમ તેને પોતાનો કરે છે. સનમ- પરમાત્મા- જડ બાહ્યાચારની દાંભિકતા સ્વીકારતી નથી, પરંતુ પોતાની ખુદીને જલાવીને ઇશ્કના રાહમાં શામિલ થનારને જ પોતાનો કરે છે. આત્મસમર્પણ અને અનન્ય પ્રેમ વિના સનમની પ્રાપ્તિ થઇ શકે નહીં એ સમજાવતાં "સાગર" "મારી સનમ" ગઝલમાં કહે છે કે:

આબાદ લગની લાગતી–
તેને સનમ! તું તારતી –
જડ ચેતના ભેદો નથી —
જોતી ફના, મારી સનમ!
જ્યાં આશકોના આહ છે —
ભર આંસુ પર દર્ગાહ છે!
ત્યાં ખુદ ખુદા જ પ્રવાહ છે!
છે ગેબ એ, મારી સનમ![૩૪]

"સાગર" પ્રેમની અનન્યતા દ્વારા સનમ સાથેની પોતાની એકતાનો સ્વાનુભવ સૌ પ્રથમ "મારી સનમ"ની છેલ્લી પંક્તિઓમાં આ પ્રમાણે વ્યક્ત કરે છે:

તું માં ડૂબું છું હું સનમ!
હું માં ડૂબે છે તું સનમ!
આ વસ્લ! સાગરિયે સનમ!
કાયમ રહો મારી સનમ![૩૫]

...........

[૩૪]એજન, પૃ. ૨૮૨

[૩૫]એજન, પૃ. ૨૮૪

"ખ્યાલે ઇશ્ક" ગઝલમાં "સાગર" નો આત્માનુભવ સર્વ પ્રકારની મર્યાદાઓ ઓળંગી સર્વત્ર પોતાના આત્મસ્વરૂપને નિહાળે છે. આત્માની વ્યાપકતાનું "સાગરે" રજૂ કરેલું ચિત્ર આ પ્રમાણે છે:

હૈ તો હમ સારી જહાં મેં! હૈ કહાં નહીં હમ!
અસ્માં, ઝમીં, બેહિશ્તમેં દરિયાવ મેં હૈ હમ.[36]

અનલહકકની સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી "હમ તુમ" નો દ્વૈત ભાવ રહેતો નથી અને આ જગતના વિવિધ દેખાવો પણ એક અનાદિ અનંત પરમાત્મા સનમ્ સ્વરૂપ જ દેખાય છે. પરમાત્મા સાથેનો અભેદાનુભવ "સાગર" આ પ્રમાણે વ્યકત કરે છે.

હમ-તુમ દૂઇકા હૈ ભરમ! હકકમેં ન હો હમ- તુમ–
હૈ ઇશ્ક હમ તુમ સબ સનમ! આઝાદ બસ હરદમ.[37]

પોતાની સનમ સાથેની એકતાનો સ્વાનુભવ ગાતાં ગાતાં સૂફી ફકીર "સાગર" પ્રેમ સમાધિમાં લીન બની પોતાનાં દુન્યવી દુ:ખો ભૂલી જાય છે. પોતાનું તન અને મન પ્રેમમાં પ્રેમથી હોમી દેનારને બીજી કોઇ સ્પૃહા રહી નથી. જુઓ:

આધિ ઉપાધિ લય પામી સમાધિમાં!
લીધી ફકીરી આઠ યામની રે!
બલિહારી! બલિહારી! પ્રેમ નામની!
હોમ્યું છે તન મન હેતે, હવે ઘડી-
આવી કે નાવ્વી આરામની રે! [38]

...........

[36] ગેજન, પૃ. ૨૮૫

[37] ગેજન, પૃ. ૨૮૫

[38] ગેજન, પૃ. ૨૮૬

"સાગર" પરમાત્મા સાથેની એકતાનો સ્વાનુભવ પ્રાપ્ત કરાવનાર પોતાના ગુરુ "કલાપી" ને પૂજ્ય ભાવે નમન કરતાં કહે છે કે:

"સાગર" સનમ ઉર સ્થાપી "કલાપી".
આવી બતાવી બ્રહ્મધામની રે.[39]

"સાગર"નો આત્માનુભવનો માર્ગ પ્રેમમાર્ગ છે. "સાગર" પ્રેમમાર્ગ માટે "પ્રેમધર્મ" શબ્દ પ્રયોજે છે. પ્રેમધર્મ અંતરંગમાં અનન્ય પ્રેમ - અને આત્મસમર્પણ -ફનાનું તત્ત્વ મુખ્ય ને અનિવાર્ય છે. પ્રેમની વૃત્તિની અનન્યતા એવી હોવી જોઇએ કે તે પોતાનું સર્વસ્વ પ્રેમસ્વરૂપ પરમાત્મા માટે હોમી શકે "સાગર" સ્પષ્ટ કહે છે કે:

આગમાં કૂદેલાં, પામેલાં પ્રભુજીને,
પાલવે તો આપ ઝંપલાવજો રે,
સહુ પ્રેમના પૂજારી પધારજો!

o o o

સ્નેહનો નેહડો લાગે હૈડામાં
તો કદી ન બીજું વિચારજો રે![40]

પોતાની સનમને "આજીજી" ગઝલ દ્વારા વિનંતી કરતાં "સાગર" પોતાની આરઝૂ આ પ્રમાણે વ્યકત કરે છે.

અયિ સનમ!
આલમ સહુ આશક બને, એવા શરાબો છાંટજે—
હરગિઝ બદીથી બચાવજે, જામે બકા પીવરાવજે
એ ઇશ્કની આજીજી છે આમીન એ![41]

...........

[39]એજન, પૃ. ૨૮૬

[40]એજન, પૃ. ૨૮૯

[41]એજન, પૃ. ૨૯૨

"સાગર" ની સનમ એટલે પ્રણવ સ્વરૂપ પરમાત્મા પોતે, "સાગર"નો પ્રેમ એટલે ઇશ્કે હકીકી – અનલહકકની ભાવના વ્યકત કરતો પરમાત્મપ્રેમ પોતાની સનમનો પરિચય "આજી" ગઝલમાં "સાગર" આ પ્રમાણે આપે છે.

સખિ ચંન્દ્રિકે!

ઝગમગ જગત અજવાળજે: પ્રતિ મુકુલ ફૂલ્લ હસાવજે
ચંપાઇ ઉર ચાંપજે: અદ્વૈત મૂર્તિ વિરાજજે –
ૐકાર મૂર્તિ! જવલંતિ કે! આમીન એ![42]

સનમની સાથેની એકતાનો અખંડ સ્વાનુભવ પોતાને પ્રાપ્ત થાય અને તે દ્વારા પોતાના રોમેરોમમાં પ્રેમધર્મનો ઉદય થાય તે માટે બ્રહ્મયજ્ઞ માટેની નવી વેદી રચી પોતાના "અહમ્" ની, "હું"ના બલિની તેમાં આહુતિ આપવા "સાગર" સનમને "આજી" કરતાં કહે છે:

પરમેશ્વરી!

નવી વેદી, દેવિ! રચાવજે, બલિ હું, તું આહુતિ આપજે
ઇસુ, કૃષ્ણ, ગૌતમ લાવજે, જય પ્રેમધર્મ પ્રકાશજે–
આજી "સાગર" ની સનમ! આમીન એ![43]

પ્રેમમાર્ગમાં પ્રેમનામ– સતત પ્રેમસ્મરણની આવશ્યકતા સમજાવતાં "સાગર" તે દ્વારા પ્રણયભાવોને પ્રજાળવાનો અનુરોધ કરતાં કહે છે કે:

પ્રણય વિહીન કૃપણ ભાવ, તપ વડે પ્રજાળિયે

o o o

પ્રેમગાન! પ્રેમતાન! પ્રેમધ્યાન ધારીએ
પ્રેમના પ્રકાશથી જ આત્મને ઉધ્ધારીએ.[44]

...........

[42] એજન, પૃ. ૨૯૩

[43] એજન, પૃ. ૨૯૩

[44] એજન, પૃ. ૨૯૬

હિમાલયની તપશ્ચર્યા પૂર્વે પોતાની સાધના માટે "દિલને રજા" આપતાં "સાગર" પોતાનો દૃઢ નિર્ણય આ પ્રમાણે વ્યક્ત કરે છે:

કાં દ્વૈતમાં દુઃખી કરું? અદ્વૈતને જપવું –
જા! જા! રજા છે દિલ! તને બસ બરતરફ કરવું.[૪૫]

પોતાનો દૃઢ નિર્ણય જાહેર કરતાં પ્રેમયોગી "સાગર" પ્રણય તપશ્ચર્યાનું મહત્ત્વ સ્વીકારતાં આ જ ગઝલમાં સ્પષ્ટ કહે છે કે:

કચરી જિગર ઓગાળીને, આંસુ બધાં પીવાં —
બસ ઇશ્કને મંજૂર છે, હિમાચલે તપવું.
અલ્લાહના ફરમાનથી દિલને જલાવી દઉં,
ગુમદિલ બની બ્રહ્માંડમાં બસ બેફિકર ફરવું.[૪૬]

પોતાની પ્રેમમૂર્તિને સર્વસમર્પણ કરવાનો દૃઢ નિર્ણય એક પ્રસ્તાવનામાં જાહેર કરતાં "સાગર" પોતાની આત્મઘોષણાનો ગંભીર સૂર આ પ્રમાણે રજૂ કરે છે.

છે છે સમર્પણ તને સહુ પ્રેમમૂર્તિ.
હોજો સુખી સહુ! મને ન હવે સુષુપ્તિ
વહે છે લોહીમાં મારા પ્રેમધર્મની ચેતના
જીવતાં મરતાં મારી, એની એ આત્મઘોષણા.[૪૭]

...........

૪૫એજન, પૃ. ૨૯૮
૪૬એજન, પૃ. ૨૯૯
૪૭એજન, પૃ. ૩૦૪

"સાગર" નું જિગર ઇશ્ક શરાબ પીને હરિવિરહની ઉત્કષ્ટ વ્યથા આ પ્રમાણે અનુભવે છે:

ઘેલો બન્યો દારૂ પીને ગાફિલ જિગર ચકચૂર છે.
લઇ જાઓ ઉંચકીને મને, તલવાર જ્યાં મશહૂર છે.[48]

"સાગર" ને માટે વિશ્વનું વિશ્વરૂપે અસ્તિત્વ છે જ નહીં. પરમાત્માને પોતાના હૃદયનું સ્વાર્પણ કરતાં વિશ્વનું યથાર્થ દર્શન છે છતાં "સાગર" સ્વાર્પણ-વિચાર" માં કહે છે કે:

પ્રભો જ્યાં હો ત્યાં સૌ, મુજ હૃદયનું સ્વાર્પણ હજો
અને આ માયાનું, સકલ જગ અદૃશ્ય બનજો.[49]

"સાગર" ની "મૂર્છના"થી "એક મહાન ભૂલ" સુધીની કવિતાના પ્રવાહમાં આત્માનુભવનો રણકાર સંભળાય છે. છતાં પરમાત્મપ્રાપ્તિ પ્રભુ સાથેની એકતાના આનંદનું દર્શન થતું નથી. હૃદયની કૈંક નિર્બળતાને પરિણામે પ્રપંચી જગત સાથેનો સંબંધ તે સાચવી રહ્યા છે. પરિણામે માયાનું સંપૂર્ણ શમન હજુ થઇ શકયું નથી. પોતાના હૃદયનું મનોમંથન વ્યકત કરતાં "સાગર" "એક મહાન ભૂલ" નામક આત્મવિશ્લેષણાત્મક કાવ્યમાં પોતાની ભૂલનો આ પ્રમાણે એકરાર કરે છે:

સાચી જો ફકીરી હતી જ ઉરમાં, તો કાં ન માયા શમી?
ને જોગી જનવાસમાં રહી શકયો, કાં વાનપ્રસ્થાશ્રમી?[50]

...........

૪૮એજન, પૃ. ૩૦૫

૪૯એજન, પૃ. ૩૦૭

૫૦એજન, પૃ. ૩૧૩

સાચા જોગીએ પરમાત્મપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જગત સાથે કોઇપણ પ્રકારનો સંબંધ રાખી શકાય નહીં. પરમાત્માથી ભિન્ન રીતે જગતનું અસ્તિત્વ સંભવી શકે જ નહીં એ સમજાવતાં સાગર કહે છે કે:

જ્ઞાનીને પ્રભુથી જુદું, ના, ના વિશ્વ જ સંભવે,
જોગીને જગની સાથે, ના, ના સંબંધ પાલવે.[૫૧]

"એક મહાન ભૂલ" "સાગર"ના આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં સૌથી વધુ મહત્ત્વનું છે. ઇ.સ. ૧૯૧૨ ના અંતમાં લખાયેલા આ કાવ્યમાટે "સાગરે" પોતે જ કહેલું છે કે, "કોઇની સાથે કશો વિશિષ્ટ સ્નેહ એ માયા છે. એ વાતને સિધ્ધાંતમાં મેં પ્હેલવ્હેલી "એક મહાન ભૂલ" માં સ્વીકારી."[૫૨] આ કાવ્યમાં "સાગર" સ્પષ્ટ સ્વીકારે છે કે પરમાત્માના ચાહકે બધા પ્રત્યે સમભાવ રાખવો જોઇએ. કોઇની સાથે પણ વિશિષ્ટ પ્રકારનું ખેંચાણ કે મમતા થાય એ જ મોહ છે- માયા છે. અને આવો રાગ-મોહ પ્રભુપ્રાપ્તિમાં હંમેશાં એ વિઘ્નરૂપ છે અને એટલે જ એનો લય કરવો જોઇએ. એટલું જ નહિ પણ હૃદયને પૂર્ણ વિરાગી બનવાનો સતત અભ્યાસ કરાવવો જોઇએ.

પોતાના હૃદયની નિર્બળતા અને જગતના સંબંધીઓ પ્રત્યેની પોતાની આસક્તિને પરિણામે થયેલું પોતાનું અધ:પતન સમજાવતાં પોતાની ભૂલ કબૂલ કરતાં "એક મહાન ભૂલ" માં "સાગર" કહે છે કે:

છો બ્રહ્માંડ સહુ ત્યજે, ન પરવા રાખી ન વા રાખવી,
પોતાના ઉરદંશની જ પરવા, પૂરેપૂરી રાખવી,
ના ના ભૂલ કબૂલતાં શરમના, ના ક્ષુબ્ધતા માનવી
પોતાની જ કબૂલ ભૂલ કરતું ઊંચે જતું માનવી.[૫૩]

...........

[૫૧] એજન, પૃ. ૩૧૪

[૫૨] સાગરની પત્રરેખા પૃ. ૫૦૫

[૫૩] દીવાને સાગર-૧, પૃ. ૩૦૯

પોતાના હૃદયની આ નિર્બળતાની - પોતાની ભૂલનો સ્વીકાર ન કરનારની ભૂલ પાપમાં પરિણમે છે. પરંતુ તે પહેલાની ક્ષણ સાચવી લેવામાં આવે તો તે વ્યકિત પાપથી બચી જાય છે એ સમજાવતાં એ કહે છે:

ભૂલો પાપ બને, પ્રભો! પળ મહીં: લે સાચવી એ ઘડી,
પામે ભૂલ, દયા-ક્ષમા: પણ અરે! પાપોની શિક્ષા થતી.[૫૪]

પોતાની નિર્બળતા સમજવાની અને તે સ્વીકારવાની સહૃદયતા દર્શાવનારને હંમેશાં પરમાત્મકૃપાના સ્રોત હરપળે વહેવરાવે છે અને પ્રભુકૃપા વડે જ પૂર્ણતા પ્રાપ્ત થઇ શકે છે:

પ્રભુકૃપા! ત્યાં બસ પૂર્ણતા હો,
હું તો રહીશ: તુજમાં મુજ લીનતા હો![૫૫]

પરમાત્મકૃપાની મહત્તા સમજાવતાં "સાગર" કહે છે કે:

સર્વદા સર્વને રક્ષે, કૃપા એ પ્રભુની ખરે!
પરંતુ ભકતને કાજે, ઇષ્ટ તો અવતાર લે.[૫૬]

બધાં વિશ્વો જેની પૂર્ણ નિયંત્રણાની ગતિ કરે છે તે પ્રભુકૃપા યોગ્ય હોય તે રીતે જાતે આવીને ભકતને મદદ કરે છે, એ જ પ્રભુકૃપાએ શ્રીકૃષ્ણની ગીતારૂપે ઇસુ, બુધ્ધ ને મહમ્મદના સ્વરૂપો દ્વારા વિશ્વ ઉપર અવતાર ધારણ કર્યો હતો. સાચો ભકત જ એ પ્રભુકૃપાનો અનુભવ પ્રાપ્ત કરી શકે છે, એ સમજાવતાં "સાગર" કહે છે કે:

...........

[૫૪]એજન, પૃ. ૩૦૯

[૫૫]એજન, પૃ. ૩૧૦

[૫૬]એજન, પૃ. ૩૧૧

સ્વીકારું હું પ્રભો હું તો, કૃપા ત્હારી અપાર છે–
એકકેકા અણુની ઓઠે, અકકેકો અવતાર છે.

o o o

પ્રેમી વિના કોણ અનુભવી શકે?
પ્રભુ વિના કોણ તને કળી શકે?[૫૭]

બુધ્ધિ દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત થાય પરંતુ પ્રેમી બન્યા વિના બ્રહ્મ-પ્રાસાદમાં પ્રવેશ કરવા માટે કૃપા દ્વારા પ્રાપ્ત થાય નહીં એ સમજાવતાં "સાગર" કહે છે કે:

હું તો કંઇ જ હતો નહીં, પ્રભુકૃપા તું ત્યાં હજી હોજતી,
ને તે તે દિનથી ગરીબ ઉરની, મારી દશા પાલટી.[૫૮]

પરમાત્મા પ્રત્યેની દૃઢશ્રદ્ધાને પરિણામે પોતે પરમાત્મકૃપાના અધિકારી બન્યા હતા એ હકીકત રજૂ કરતાં "સાગર" કહે છે:

પણ મુજ ઉર કાજે શી લીલા તેં રચેલી.
પરમ પ્રભુકૃપા તું દેહ ધારી બનેલી.[૫૯]

પરમાત્મા પ્રત્યેની ભકિતની અનન્યતા વિના અન્ય માર્ગ નથી એ "સાગર" જાણે છે. જુઓ:

ભકિત તારી વિના મારી બીજી કોઇ નથી ગતિ.[૬૦]

...........

[૫૭]એજન, પૃ. ૩૧૧

[૫૮]એજન, પૃ. ૩૧૨

[૫૯]એજન, પૃ. ૩૧૨

[૬૦]એજન, પૃ. ૩૧૩

પરંતુ પોતાની વિકારી દૃષ્ટિને પરિણામે વૃત્તિની લીનતા રહી શકતી નથી એ હકીકત પણ સહૃદયતાપૂર્વક તે આ રીતે રજૂ કરે છેઃ

જ્યારે તારી કૃપા, પ્રભો! મુજ પરે વર્ષી અતિવૃષ્ટિ શી,
ત્યારે હા! અવહેલના કરી, પ્રભો! સ્વચ્છંદતાથી- ગર્વથી,
રાખે તું, પ્રભુ! યત્નરક્ષિત છતાં શી મારી એ ધૃષ્ટતા!
ના તું માં- તુંજ [illegible]માં રહી શકી ના વૃત્તિની લીનતા.[61]

વિચાર કરતાં સત્ય હકીકતનું તેમને જ્ઞાન થાય છે. અને પરિણામે પ્રામાણિકપણે તે સ્વીકારે છે કે હૃદયની નિર્બળતાને કારણે એમણે ભૂલ કરી છે અને પરિણામે જ વૃત્તિની લીનતા રહી શકી નથી.

કરી ભૂલ અરેરે! શી! કરી કે એ થઇ ગઇ!
અરે! સંદિગ્ધ શા માટે! કહો કે કરી એ થઇ![62]

હૃદય અને બુધ્ધિ વચ્ચેનો સંઘર્ષ વ્યકત કરતાં "સાગર" પોતાના હૃદયની નિર્બળતા બુધ્ધિયુકત દલીલ વડે ખુલ્લી પાડે છે. પોતાના હૃદયમાં ફકીરીનો અને પ્રભુભાકતનો રંગ પૂરેપૂરો- સાચો લાગ્યો હોત તો આપોઆપ માયાનું શમન થયું હોત. પરંતુ જગત પ્રત્યેના રાગે એમના હૃદય ઉપર જમાવેલી પ્રમાદનિદ્રાનું ઘેન રગેરગમાં વ્યાપ્યું હોવાને પરિણામે સ્વાભાવિક રીતે જ ટૂંકા સમયમાં માયા શમી શકી નહીં. એનું કારણ "સાગર" પોતે જણાવે છે તેમ જગત ત્યાગની અને પરમાત્મપ્રેમની ભાવનાના પ્રાબલ્યને બદલે જગત પ્રત્યેના રાગની ભાવનાનું પ્રાબલ્ય સવિશેષ હોવું જોઇએ. જો ત્યાગની ભાવના પ્રબળ હોતતો સર્વસ્વનો ત્યાગ કરી પ્રપંચી જગત સાથેની મિત્રતાનો તત્ક્ષણ ત્યાગ કર્યો હોત. પણ તેમ થઇ શકયું નહીં એ જ મુમુક્ષુ તરીકે એમની મહાન ભૂલ જુઓ:

સંસારી જન સાથ જોગી હૃદયે કાં મિત્રતા પાલવી?
ને સંબંધ અરે! પ્રપંચી જગના શાને રહ્યો સાચવી?[63]

...........

[61]એજન, પૃ. ૩૧૩

[62]એજન, પૃ. ૩૧૩

[63]એજન, પૃ. ૩૧૩

આત્મજ્ઞાનીને પરમાત્માથી ભિન્ન વિશ્વનું અસ્તિત્વ સંભવતું નથી. એ જ પ્રમાણે જોગીને જગતની સાથેનો સંબંધ પાલવતો નથી. ભકત, પ્રેમી અને યોગી એ ત્રણેમાં "સાગર" અભિન્નતા નિહાળે છે, અને જ્ઞાનીને સર્વોપરિ ગણે છે, પ્રેમામાર્ગમાં "સાગર" ની શિથિલતા અને પરિણામે હૃદયનો પશ્ચાત્તાપ વ્યકત કરતાં તે સ્પષ્ટ કહે છે કે:

પ્રભો! મારું તો છે શિથિલ ચડવું ને લથડવું–
ન હું પ્રેમી– જ્ઞાની ઉર મુજ ભણ્યું માત્ર રડવું.
અને, રોવામાં યે મધુર રસનું ઉડી જ જવું–
પ્રભો. આ તો જાણે જીવિત શબનું શ્વાસ વહવું.[64]

પોતાનાથી વિરુધ્ધ દિશાએ ગતિ કરતા વિશ્વની સાથે પોતે રાખેલો સંબંધ તે યોગ્ય ગણતા નથી. એને જ તે જીવનની મહાન ભૂલ ગણે છે. પોતાનું સમસ્ત જીવન એકમાત્ર પરમાત્મા માટે જ પૂર્ણભકિત અને શ્રધ્ધાયુકત જીવન જીવવાની ભાવના વ્યકત કરતાં "સાગર" વિશુધ્ધ હૃદયે માફી માગીને પરમાત્મકૃપા યાચે છે:

પ્રભો! માફી દે વા અધિક અધિકી ભકિત ભરવા–
પ્રતીતિ દે જીવું જીવિત મુજ સૌ તારું કરવા
નથી આશા દીપ્તિ, તરણબલ હૈયે નથી, પ્રભો!
છતાં શ્રધ્ધા તુંમાં – તુજ પ્રભુ કૃપા સર્વ મુજ હો.[65]

પોતાની ભૂલનો સહૃદયતાપૂર્વક સ્વીકાર કરી પશ્ચાત્તાપ કરનાર પ્રણયયોગી પોતાની આંતરવ્યથાનું નિરૂપણ કરતાં કહે છે કે:

...........

[64] એજન, પૃ. ૩૧૪

[65] એજન, પૃ. ૩૧૪

ઓગાળી નેત્રજલથી અતિ સખ્ત અદ્રિ
એ ચૂર્ણ અન્તર પચાવી બન્યો તપસ્વી
તે જોગી! આજ બની કાયર શો રહું છું.
તે-તે જ હું ચરણમાં પ્રભુના ધ્રૂજું છું.[६६]

પોતાના માર્ગમાં થયેલા સ્ખલનને માટે "સાગર" કોઇને જવાબદાર ગણતા નથી. પરમાત્માના સામ્રાજ્યમાં ન્યાયની પૂર્ણ યથાર્થતાનો સ્વીકાર કરતાં "સાગર" કહે છે કે:

પોતા સિવાય અપરાધી મને જડે ના.[६७]

અને પોતાના આ અપરાધ માટે યોગ્ય સજા પોતાને જ ભોગવવી પડે છે. ત્યારે પોતાની અપાત્રતા જોવાને બદલે પોતે સંજોગો કે ભાગ્યનો દોષ કાઢે છે પરંતુ તેને બદલે પોતાની થયેલી ભૂલનો સ્વીકાર કરીને પશ્ચાત્તાપ કરનાર જ પ્રભુકૃપા પ્રાપ્ત કરી શકે છે. એ પ્રભુકૃપા પ્રાપ્ત કરવી અત્યંત દુષ્કર છે, પરંતુ પ્રભુમાં અડગ વિશ્વાસ રાખનારને માટે તો એ ખૂબ સહેલ છે.

માયા, મોહ અને પ્રપંચ પડદે આ વિશ્વ શોભાભર્યું
પેલી પાર ચીરી જતાં પ્રભુકૃપા! ત્યાં જ્યોતિ આશાભર્યું
કિંતુ, એ પડદો ચીરી ઉડી જવું ના, ના. પ્રભો! સહેલ છે,
તારી પૂર્ણ કૃપા, દયાથી બલ એ શ્રધ્ધાળુ પામેલ છે.[६८]

બહારથી રૂપાળા દેખાતા વિશ્વનો માયા, મોહ અને પ્રપંચરૂપી પડદો ચીરીને તેની પેલે પાર જનાર જ પ્રભુકૃપા પ્રાપ્ત કરી શકે છે. પ્રેમમાં અડગ શ્રધ્ધા રાખનાર જ તેનો અધિકારી બની શકે છે. "સાગર" પોતાને માટે કહે છે કે પ્રણય તપશ્ચર્યા સમયે અનેક લોભક બળોનાં વિઘ્નો નડયા હોવાં છતાં તેની કશી અસર પ્રણયતપશ્ચર્યામાં થઇ નહીં તેનું કારણ પ્રભુની અસીમ દયા જણાવતાં "સાગર"

...........

[६६]એજન, પૃ. ૩૧૪

[६७]એજન, પૃ. ૩૧૫

[६८]એજન, પૃ. ૩૧૫

કહે છે કેઃ

શ્રધ્ધાનું બલ દિવ્ય આ રગેરગે તે દિ ઘૂમતું,
પ્રેમાર્પિત, પવિત્ર, પ્રેરિત, પ્રભો! આ લોહી ત્યાં કૂદતું.[69]

પરંતુ માર્ગમાં અધઃપતન થતાં- પ્રેમની દિવ્યતામાંથી ચ્યુત થતાં માર્ગમાં ઊર્ધ્વદશા પ્રાપ્ત કરવા માટે ફરીથી તૈયારી કરવા આત્માને આદેશ આપતાં "સાગર" કહે છેઃ

ને ઉંચેથી પડયો રસાતલ ગયો! છે માર્ગની શી ખૂબી!
તૈયારી ફરી તો ય તું કર, ભલા, આત્મા ન થાકે કદી.[70]

આ વિશ્વની યાત્રાનો ક્રમ હેતુપૂર્વક નિર્માયો હોઇ તેમાં હૃદયનું પરિક્રમણ નિર્માણના સંકેત પ્રમાણે થાય છે. પ્રભુકૃપા બધાને પર્યાપ્ત અનુભવો આપવા માટે અને તે દ્વારા બધાજ જીવોને તપાવીને- કસીને પ્રેમી થવાની લ્હાણ આપવા ચાહે છે.

ચાહે છે પ્રભુની કૃપા અનુભવો, સૌને પૂરા આપવા,
ને જીવો સૌને તપાવી, કસીને દે લ્હાણ પ્રેમી થવા.[71]

એટલે જ પ્રેમી જીવે પ્રવાસમાં આગળ પ્રયાણ કરવું જોઇએ. પ્રવાસ મુશ્કેલ હોઇ પ્રવાસી મિત્રો તરીકે વિધિ, દર્દ આદિ મિત્રોનો સથવારો આપે છે. તો પછી પ્રવાસીએ શા માટે દુઃખી થવું જોઇએ? પરમાત્મામાં અડગ શ્રધ્ધા રાખી પરમાત્મકૃપા માટે પોતાની દૃષ્ટિની લીનતા રાખવી જોઇએ.

ત્રાતા છે પ્રભુની અસીમ કરુણા, ત્યાં દૃષ્ટિ ચોંટાડવી.[72]

...........

[69]એજન, પૃ. ૩૧૫

[70]એજન, પૃ. ૩૧૬

[71]એજન, પૃ. ૩૧૬

[72]એજન, પૃ. ૩૧૬

પરમાત્મકૃપા પ્રાપ્ત કરવાનો કીમિયો દર્શાવતાં "સાગર" કહે છે કે વિચાર ને આચાર હૈયું ને બુધ્ધિ એ બંનેના ઐકયમાં જ સાચા સ્નેહનો સહચાર પ્રાપ્ત કરી શકાય છે, જુઓ:

હૈયું ને બુધ્ધિ બે જુદાં ત્યાં ચોખ્ખો વ્યભિચાર છે,
એ બેના ઐકયમાં સાચા સ્નેહનો સહચાર છે.[73]

અને ફરીવાર "સાગર" પોતાને માટે કહે છે કે:

પ્રભુકૃપા ત્યાં બસ પૂર્ણતા હો, હું તો રહીશ તું જ માં મુજ
લીનતા હો.[74]

પોતાની આરાધ્યમૂર્તિનો પરિચય આપતા "સાગર" કહે છે કે:

પૂંજે કૃષ્ણ પ્રભુ કોઇ, હું પૂજું મુજ રાધિકા
સંજ્ઞા તદ્ બ્રહ્મની મારી શાશ્વતી કૃષ્ણકારિકા,
ૐકાર શબ્દ મુજ માશુકની જ મૂર્તિ
ને કૃષ્ણમાં ભગવતી મુજ મૂલ શકિત.[75]

પ્રભુકૃપા દેશ, કાળ અને સ્થિતિથી પર રહીને હંમેશા સમવર્તિની રહે છે. તેમ છતાં પ્રભુકૃપાની ઝંખના કરનારે તો જગતનો અંતરત્યાગ કરી ગોપીની માફક ભકિતમાં લીનતા કેળવવી જોઇએ ગોપી ભાવનાવાળી વ્યકિત માટે તો વિશ્વ સંભવતું જ નથી.

તો યે "ગોપી" બને તજી જગતને, છે ભકિતમાં લીન જે-
તે યોગી ઉર વિશ્વત્યાગી પ્રણયી શ્રીકૃષ્ણને છો ભજે.
એ ઉન્મત્ત પ્રસકત ભકતઉર તો આંખો મીંચી ચાલતા-
છે આ વિશ્વ નહીં જ વા! હૃદય એ યોગી ન વિચારતા.[76]

...........

[73] એજન, પૃ. ૩૧૬

[74] એજન, પૃ. ૩૧૭

[75] એજન, પૃ. ૩૧૭

[76] એજન, પૃ. ૩૧૭

જગતના સંબંધોમાં પોતાનું હૃદય વ્યામોહ પામ્યું તો હવે એ જગતને જોનારી દૃષ્ટિનો જ વિલય થવો જોઇએ, અને તે અનન્ય ભકિતયુકત ગોપી ભાવના વડે જ શકય છે. આંખો મીંચી દઇને – જગત તરફની બાહ્ય દૃષ્ટિને અંતરમુખ કરીને – એક માત્ર પરમાત્માની ભકિતમાં જ ગોપીની માફક લીન કર્યા પછી જ પ્રભુકૃપાના સાચા અધિકારી બની શકાય છે. સાચી ગોપી–ભાવના સમજાવતાં "સાગર" કહે છે કે:

ગોપી ધ્યેય ઉરે ગોપી જાણે સંસાર વ્યર્થ છે,<br>
એવું "ગોપી" બન્યા વિના કૃષ્ણ ભકિત નિરર્થ છે.[૭૭]

પ્રભુભકિત–મિલનનું ધ્યેય જ હૃદયમાં રાખીને બાહ્ય જગતને વ્યર્થ માનનાર એક માત્ર પ્રભુભકિતમાં જ લીન રહેનાર ગોપીની દશા વિના કૃષ્ણભકિતની નિરર્થકતા સમજાવી "સાગર" કહે છે કે જગતની સર્વ પ્રકારની મર્યાદાઓ લોપીને એક માત્ર પરમાત્મામાં જ પોતાના બધાં વિશ્વો નિહાળનારે જ સાચી ગોપી–ભાવના પ્રાપ્ત કરી છે.

જનોની, જનસ્નેહોની, મર્યાદા સર્વ લોપીને,<br>
એકમાં સૌ જુએ વિશ્વ, એનું નામ જ ગોપી છે.[૭૮]

પ્રભુમિલનનો આ જ આબાદ ઇલાજ છે. ગોપીભાવના રાખનાર સાચો ભકત જગતને એક માત્ર પરમાત્મમય જ નિહાળતાં શ્રીકૃષ્ણ સાથે એકરૂપતા પ્રાપ્ત કરે છે.

અને એવું હૈયું નયન મીંચીને કૃષ્ણ ભજશે,<br>
અરે તો યોગાન્તે મનુ હૃદય એ કૃષ્ણ જ હશે.[૭૯]

...........

[૭૭] એજન, પૃ. ૩૧૭

[૭૮] એજન, પૃ. ૩૧૮

[૭૯] એજન, પૃ. ૩૧૮

આત્મજ્ઞાનને ગોપી જેવી દૃઢ ભક્તિની લીનતાના દૃઢ આગ્રહી "સાગર" પ્રેમધર્મનું અત્યન્ત આવશ્યક લક્ષણ દર્શાવતાં કહે છે કે:

અસ્તુ! એ આત્મજ્ઞાનાર્થે, ભક્તિની લીનતા વડે,
ઉદાસીન અને યોગી, "ગોપી" જેવું થવું પડે.[80]

પોતાનો પરમાત્મા પ્રાપ્તિનો પ્રેમધર્મ દર્શાવતાં "સાગર" કહે છે કે:

ભજું પ્રેમ, તજું ભેદો, ૐ તત્ સત્ અંતરે ભણી—
મારો એવો, બધાનો હો, પ્રેમધર્મ શિરોમણિ.[81]

પ્રેમમાર્ગમાં આગળ ગતિ કરતાં "સાગર" પોતાને માટે કહે છે કે "પ્રભો! મારી સૃષ્ટિ તો, આપણા બેની જ બની રહી છે. મારે માટે તો વિશ્વનું અસ્તિત્વ છે જ નહીં".

હો તેને વિશ્વ હો, અસ્તુ! મારે તો વિશ્વ છે નહીં.
પ્રભો! આ આપણી સૃષ્ટિ હું-તું બેની બની રહી.[82]

પોતાની વૃત્તિઓનો પરમાત્મામાં લય કરી "પ્રણય-યોગી"એ પોતાના હૃદયમાં પ્રભુની મૂર્તિને સ્થાન આપ્યું છે, જુઓ:

હું યોગી, તારી પ્રભુમૂર્તિ, ઉરે ખરી છે,
ને વૃત્તિ આખર, પ્રભો. તુજમાં ઠરી છે.[83]

પોતાની હૃદયની સૂક્ષ્મ વાસનાઓનું છેદન-ભેદન કરી જગતના સર્વ સંબંધોનો ત્યાગ કરી, બાહ્ય વિશ્વનો પોતાનામાં લય કરી પ્રણય-સમાધિ સાધવાનો દૃઢ નિર્ણય કરતાં "સાગર" કહે છે કે:

...........

[80] એજન, પૃ. ૩૧૮

[81] એજન, પૃ. ૩૧૮

[82] એજન, પૃ. ૩૧૯

[83] એજન પૃ. ૩૧૯

છો હોય વિશ્વ, પણ યોગી હવે ન જોશે,
એકાકી અદ્ભુત વિધિથી નિજાત્મ ધોશે.
સંબંધ માત્ર જગના સહુ યે ઉપાધિ.
હો સર્વને નમન! સાધીશ હું સમાધિ.[૮૪]

જગતની સાથેના પોતાના પ્રેમસંબંધનો- પોતાના વ્યાવહારિક સંબંધનો ત્યાગ કરી વિશ્વને પોતાની સાથે કશો વિશિષ્ટ સંબંધ ન રાખવાનો અનુરોધ કરતાં "સાગર" કહે છે:-

આ જોગી તો જગતને જરી યે ન ચાહતો-
ને વિશ્વ આખું ય! ભલે મુજને ન ચહાશો.[૮૫]

પોતાના હૃદયનો સંઘર્ષ - ઉરયાતના વ્યક્ત કરતાં તે કહે છે:

પ્રભો! એકાન્તમાં બોલું પ્રલાપો આ નિપાતના
સુણાવું તું વિના કોને યોગીની ઉર યાતના.[૮૬]

પોતાના હૃદયની નિર્બળતાનેકે પરિણામે તે આગળ ગતિ કરતું અટકી જાય છે જ્યાં સુધી હૃદયની સૂક્ષ્મ સૃષ્ટિમાં કોઇ વાસના છૂપેલી હોય ત્યાં સુધી ગમે તેટલા પ્રયત્નો છતાં કરવાને ખુલતો નથી. પરમાત્મપ્રાપ્તિ માટે મનોનાશ અને વાસનાક્ષયની આવશ્યકતા સમજાવતાં "સાગર" કહે છે:

જીવાત્મા દોડતો, કિંતુ માર્ગો બંધ પ્રવાસના,
છૂપેલી સૂક્ષ્મ સૃષ્ટિમાં, જ્યાં સુધી કોઇ વાસના.[૮૭]

...........

[૮૪] એજન, પૃ. ૩૧૯

[૮૫] એજન, પૃ. ૩૨૦

[૮૬] એજન, પૃ. ૩૨૦

[૮૭] એજન, પૃ. ૩૨૧

બહારથી સુંદર દેખાતા વિશ્વના આંતરપ્રદેશમાં છૂપાયેલા હળાહળ વિષપાનના સ્વાનુભવને પરિણામે વિશ્વના સંબંધોથી થાકીને પશ્ચાત્તાપ કરતાં "સાગર" દૃઢપણે નિર્ધાર કરે છે કે પરમાત્મા સિવાય કોઇની સાથે કશો ય વિશિષ્ટ સંબંધ તે રાખશે નહીં. જુઓ:

થાકયો છું વિશ્વ સહુ સુંદર મોહી મોહીને,
રોયો છું લોહી વહી આંખ ફરીથી લોહીને,
મીંચું છું નેત્ર બસ! છેલ્લું જ જોઇ જોઇને—
ઓ જીવ! તું પ્રભુ વિના ન ભજીશ કોઇને.[૮૮]

પોતાનું સમસ્ત વિશ્વ માતા-પિતા, પ્રેમી, પ્રિયા બધું જ બ્રહ્મકૃપામાં જ વ્યાપ્ત છે. બીજા કશાની કે કોઇની પણ સાથેના કશા જ સંબંધની અપેક્ષા ન રાખતાં "સાગર" કહે છે કે:

સૌમાં, બ્રહ્મકૃપા-તું! તું! ના ના કોઇ મને બીજું.[૮૯]

"સાગર" બ્રહ્મકૃપાને પ્રત્યક્ષ મૂર્તિમંત નિહાળી સમસ્ત વિશ્વ તેમાં જ નિહાળી તેને માશૂક રૂપે- અણલિંગી ને લિંગ ભેદે કલ્પતાં પોતાનું હરિ વિરહનું દર્દ આ રીતે વ્યકત કરે છે:

પ્રભો! તું અણલિંગીને લિંગભેદે જ કલ્પતાં—
શકું રોઇ, પ્રભો! પ્રીતિપાત્રને, માશૂક, જલ્પતાં![૯૦]

નિર્ગુણ પરબ્રહ્મને સગુણ પરબ્રહ્મની ઉપાસના દ્વારા અનુભવવા માટે આ વિના અન્યમાર્ગ નથી, એમ સમજાવી સર્વાતીત છતાં સર્વમાં વ્યાપ્ત પોતાની થયેલી પ્રેમબ્રહ્મની ઝાંખીનું સ્પષ્ટ દર્શન "સાગર" ઇચ્છે છે.

સર્વાતીત છતાં સૌમાં વ્યાપ્ત તું સર્વદા વિભો,
છતાં તે દીધી ઝાંખી તે પ્રેમ બ્રહ્મ ઝંખતો[૯૧]

...........

[૮૮]એજન, પૃ. ૩૨૧

[૮૯]એજન, પૃ. ૩૨૧

[૯૦]એજન, પૃ. ૩૨૧

[૯૧]એજન, પૃ. ૩૨૨

પોતાની પ્રેમબ્રહ્મસ્વરૂપ માશૂકનું વર્ણન કરતાં "સાગર" કહે છે કે મારી માશૂક એ સ્થૂલ વિશ્વમાંની સૌંદર્યમૂર્તિ નથી. મારી માશૂક પ્રેમબ્રહ્મ મૂર્તિ છે. એના ચરણમાં લાખો ઇસામસીહ અને કોટિ કૃષ્ણ ઝૂકે છે. એટલું જ નહિ પણ તેમાં જ તેમની વૃત્તિઓની સતત લીનતા રહે છે. બધા દૃશ્ય પદાર્થોની પાછળ છૂપાઇને અદૃશ્ય છતાં તેમાં જ પૂર્ણ અને વ્યાપ્ત રહેલી અને આ બધા પદાર્થોના જીવનરૂપ બ્રહ્મમૂર્તિ જ મારી ઇષ્ટમૂર્તિ છે, માશૂક છે.

જુઓ જીવે રવિ શશી પૃથિવી સમુદ્રો
પ્રાણી પશુ વિહગ દૃશ્ય બધા પદાર્થો
ને ઓતપ્રોત છૂપી લાખ અદૃશ્ય સૃષ્ટિ
એ સર્વનું જીવન, તે મુજ ઇષ્ટમૂર્તિ
લાખો ઇસામસીહ જ્યાં કદમે ઝૂકે છે,
જ્યાં કોટિ કૃષ્ણ ચરણો ચૂમવા મથે છે
ને જ્યાં રહે સતત જોગીની લીન વૃત્તિ
તે પ્રેમરૂપ મુજ માશુક બ્રહ્મમૂર્તિ[૯૨]

માર્ગમાં પ્રવાસીની શિથિલ ગતિ હોવા છતાં પ્રભુકૃપા વડે હૃદયની લીનતા પ્રાપ્ત થતાં માર્ગમાં આગળ પ્રયાણ શકય બને છે. પરિણામે પ્રભુકૃપાથી જ પોતાનું જીવનધ્યેય પ્રાપ્તિ શકય બનતાં "સાગર" યથાર્થ રૂપે જીવી જાય છે.

બ્રહ્માંડ આખું પ્રભુકૃપા છે.

o o o

જીવ્યો, જીવું સર્વ પ્રભુકૃપાથી[૯૩]

............

[૯૨] એજન, પૃ. ૩૨૨

[૯૩] એજન, પૃ. ૩૨૩

જીવનમાં જીવની દશા સ્થિત્યંતરોએ પરમાત્મકૃપા વડે જ થાય છે. કશું જ આકસ્મિક પણે બનતું નથી. પ્રવાસી માર્ગમાં જે ગતિ કરે છે, તે પણ પરમાત્મકૃપાને જ વશવર્તીને દેહની જીવબુધ્ધિ વડે વસ્તુમાં - પરબ્રહ્મમાં આપણે આરોપણ કર્યું હોઇ પ્રવાસીને વસ્તુતઃ પરબ્રહ્મથી ભિન્નરૂપે જગતનું અસ્તિત્વ જ નથી. જગતને જગત રૂપે જોતી આપણી બાહ્ય દૃષ્ટિનો જ લય થતાં આપોઆપ માયા શમી જાય છે. જગતનું પરબ્રહ્મરૂપે યથાર્થ દર્શન થાય છે. તેમછતાં જો પ્રણયયોગીના માર્ગમાં માયાનું વિશ્વ નડતું હોય તો જોગીએ જગતનો બાહ્ય ત્યાગ પણ કરવો જોઇએ.

વસ્તુમાં કલ્પના માયા, હેયોપાદેય કૈં નથી
છતાં, જો માર્ગ રોધે તો, જોગીને ત્યાજ્ય સૌ નકી.[૯૪]

પ્રભુકૃપાથી જ પ્રવાસી પંથમાં આગળ ગતિ કરે છે. જુઓ:
પ્રભુકૃપા બસ એ કણૂલું હવે- અજબ ઝાંખી પંથ વળ્યો નવે.[૯૫]

પ્રેમયોગપદચ્યુતિ થતાં નવી શ્રધ્ધાના બલ વડે આશાનું કિરણ પરમાત્મકૃપામાં જુએ છે અને પરિણામે હૃદય સ્વસ્થતા અનુભવે છે.

અને, પ્રભો! આ ઉર સ્વસ્થ થાય છે,
ભકિત કરી તારી ઉરે ભરાય છે.[૯૬]

પરિણામે પોતાની નિર્બળતાનો સ્વીકાર કરતાં જોગી માર્ગમાં વધુ મકકમ બને છે. કારણ કે પોતાનું હૃદય વિશુધ્ધ થતાં પરમાત્મા તેની ભૂલની માફી આપે છે અને પ્રભુકૃપા વડે તે માર્ગમાં આગળ ગતિ કરે છે.

એ ભૂલથી પાઠ નવો ભણાવ્યો-
જોગી વધુ મકકમ માર્ગમાં બન્યો.
o o o
હૈયું ઠગાયું નિજથી તથાપિ
નિર્દોષને તારું પ્રભુ કૃપાથી.[૯૭]

...........

[૯૪] એજન, પૃ. ૩૨૪
[૯૫] એજન, પૃ. ૩૨૪
[૯૬] એજન, પૃ. ૩૨૪ [૯૭] એજન પૃ. ૩૨૫

"સાગર" દૃઢપણે માને છે કે બાહ્ય બનાવો હૈયાની સૂક્ષ્મ ભાવનાને અનુસરીને જ બન્યા કરે છે, અને તેમાં પણ પરમાત્માનો હેતુ જીવાત્માની સુધારણાનો જ હોય છે. પરમાત્માના અનન્ય ચિંતન વડે જ ભક્ત હૃદય પ્રભુકૃપા અનુભવી શકે છે. પ્રેમમાર્ગમાં અચલ યોગ- સતત ભક્તિ દ્વારા પરમાત્મામાં લીનતાને "સાગર" આવશ્યક ગણાવે છે. જુઓ:

બસ અનન્ય તને, પ્રભુ! ચિંતવે-
પ્રભુકૃપા ઉર તો જ અનુભવે.[98]

"સાગર" પોતાની ભૂલનો સ્વીકાર કરતાં ભક્તિ અને શ્રદ્ધા વડે પ્રભુકૃપા અનુભવે છે. પરિણામે તેમના હૃદયમાં થતો સંઘર્ષ દૂર થાય છે. અને હૃદયની વેદનાનું સ્મૃતિવિભ્રમ છેદાતાં સંબંધ થાય છે, પરિણામે સચરાચર પ્રેમજ્યોતિનું પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ઉરવ્યોમને ભેદીને નિર્વેદની ભાવના પ્રકટે છે.

છે લક્ષ્ય તું જ સચરાચર પ્રેમજ્યોતિ.
નિર્વેદ વેદ પ્રકટે, ઉરવ્યોમ ભેદી.[99]

પરમાત્મકૃપા પ્રાપ્ત થતાં સમસ્ત વિશ્વમાં પરબ્રહ્મનું તત્ત્વ જ વિલસી રહેલું અનુભવાય છે.

મને તો સ્પષ્ટ છે હૈયે, કૃપા તારી અપાર છે
અકકેકા અણુ ઓઠે તું, અકકેકો અવતાર છે.[100]

...........

[98]એજન, પૃ. ૩૨૫

[99]એજન, પૃ. ૩૨૬

[100]એજન, પૃ. ૩૨૭

"એક મહાન ભૂલ" ની અંતિમ પંક્તિઓમાં "સાગર" પોતાને માટે કહે છે કે પોતાની ભૂલનો વિશુધ્ધ હૃદયે પશ્ચાત્તાપ કરનારને પરમાત્મા અવશ્ય સહાય કરે છે અને પરમાત્મા સાથેની એકતાનું લક્ષ્યબિંદુ સર કરવા માટે પરમાત્મા પોતે નવું જોમ અને નવું ચેતન અર્પે છે. પશ્ચાત્તાપ દ્વારા પોતાની હૃદયવેદનાનું શમન થતાં "સાગર" માર્ગમાં દૃઢપણે આગળ પ્રયાણ કરી પોતાનો સ્વાનુભવ વ્યકત કરતાં કહે છે:

રોતાનાં આંસૂડાં ચોખ્યાં, પ્રભુનો હસ્ત લૂછતો:
જાતે જોગીની નાડીમાં, પ્રાણ કુંભક પૂરતો.[101]

"એક મહાન ભૂલ" (૧૯૧૩) પછીની "સાગર" ની કવિતામાં હૃદયનું મનોમંથન કે વિરહનું દર્દ નથી. પરંતુ પરમાત્મા સાથેની એકતાના આનંદનું જ ગાન આપણે સાંભળીએ છીએ.

"સાગરે" લાગલાગટ ૨૩ વર્ષ સુધી (૧૯૧૩-'૩૬) પોતાના આધ્યાત્મિક જીવનની પૂર્ણતા પ્રાપ્ત કરી આત્માનુભવની મસ્તી અને ઉલ્લાસ જ જીવનમાં માણ્યો છે – કવિતામાં ગાયો છે.

સુંદરમ્‌ના શબ્દોમાં કહીએ તો: "'સાગર' નો ખરો રંગ દીવાને સાગરના બીજા ભાગમાં ભજનોમાં પ્રગટ થાય છે. એમાંની અસાધારણ ચમકની પૂર્વછાયા 'દીવાને-સાગર'નાં પહેલા ભાગમાં મૂકેલાં કેટલાંક ભજનો તેમજ ગઝલોમાં પણ દેખાય છે. ... લગભગ દરેક કૃતિમાં કંઇક નવા દર્શનની સાચી અનુભૂતિની અને આનંદની કે મસ્તીની ચમક આવ્યા જ કરે છે. ... ... 'સાગરરાજ' કહે છે તેમ તેની પાછળ જીવનાનુભવનો સાચો રણકાર છે એમાં શંકા નથી. એમના પ્રત્યક્ષ જીવનમાં ઘણી મસ્તી હતી, નિજાનંદનો સાક્ષાત્કાર હતો અને તે તત્વને તેમણે વાણી આપી છે એમ કહેવું પડશે."[102]

...........

[101] એજન, પૃ. ૩૨૬

[102] અર્વાચીન કવિતા – સુંદરમ્ પૃ. ૨૦૧